# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ (NSKFDC), નવી દિલ્હીની યોજનાઓ અને પાત્રતાનાં ધોરણો

પૂજય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપના યોજના
સફાઈ કામદાર અને તેના આશ્રિત અંગેના દાખલાઓ
આપવા અધિકૃત અધિકારી નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૦૨–૧૯૩૫–ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ–૧૬-૧૨-૨૦૦૨

વંચાણે લીધોઃ–સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯–૧૨–૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૯૭–ન.બા.૩૩–ગ,

ઠરાવઃ–

આમુખમાં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯–૧૨–૨૦૦૦ ના ઠરાવની પૂજય ઠક્કર બાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.આ ઠરાવનાફકરા–૨ ના પેટા ફકરા (૧) અન્વયે આ યોજનાનો લાભ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઈ કામદારોને અગ્રતા સાથે તમામ સફાઈ કામદારોને મળવાપાત્ર બને છે. પરંતુ સફાઈ કામદારો કે તેમના આશ્રિતનો દાખલો કોણ આપે,કોની પાસેથી મેળવવો અને ક્યા અધિકારીનો દાખલો માન્ય રાખવો તે બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.આ બાબત પુખ્ત વિચારણા કર્યાબાદ નીચે જણાવેલ અધિકારીશ્રીઓને સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને દાખલા આપવા માટે અધિકૃત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | મહાનગર પાલિકા વિસ્તાર માટે | સંબંધિત હેલ્થ વિભાગના વડા |
| ૨ | નગર પાલિકા વિસ્તાર માટે | ચીફ ઓફિસરશ્રી |
| ૩ | નગર.પાલિકા બરો વિસ્તાર માટે | ચીફ ઓફિસરશ્રી |
| ૪. | ગ્રામ્ય વિસ્તારમાટે | તલાટી કમ મંત્રીના પ્રમાણપત્ર ઉપર તાલુકા વિકાસ અધિકારીની પ્રતિ સહિ. |
| ૫ | સરકારી/અર્ધસરકારી/કેન્દ્ર સરકારની કચેરીમાં કામ કરતા સફાઈ કામદાર માટે | જે તે કચેરીના વડા |
| ૬ | ખાનગી હોસ્પીટલો,હોટલો, રેસ્ટોરન્ટ વગેરેમાં સફાઈનું કામ કરતા સફાઈ કામદારો | જે તે નોકરીદાતા દ્વારા અપાયેલ પ્રમાણપત્રમાં ઉપર જણાવેલ ક્રમ ૧ થી૪ મુજબ વિસ્તારને અનુલક્ષીને સંબંધિત અધિકારી દ્વારા કાઉન્ટર સાઈન કરેલ પ્રમાણપત્ર |
| ૭ | સોસાયટી/મહોલ્લામાં સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો | |
| ૮ | ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા રોકવામાં | |

| | | |
|---|---|---|
| ૯ | આવેલ સફાઈ કામદારો<br>અન્ય જગ્યાએ કામ કરતા સફાઈ કામદારો | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. નાયબ મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/મા. મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓ
માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી (પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાંકીય સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસુચિતજાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, જુના સચિવાલય, ગાંધીનગર
મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી.
સર્વે કલેકટરશ્રી,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
સર્વે મ્યુનિસિપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ/નિયામકશ્રી, નગર પાલિકાઓ મારફતે)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.
સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સર્વે શાખા—ગ, શાખા (ગ—શાખા સિવાય)
સીલેક્ટ ફાઈલ
૧૦/શ્રી